## ક્રિમીનલ કેસ નંબર – ૨૦૦૫૦૦/૧૯૯૮ ના કામે આંક – ૧ લગત હુકમ

પોકાર કરતા આરોપી હાજર નથી. ફરીયાદી તરફે વિ.પ્રોસી.શ્રી.લાખાણી હાજર નથી. સાહેદ હાજર નથી. પ્રસ્તુત કામે રેકર્ડ જોવામાં આવે તો ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટે આરોપી વિરુદ્ધ વેલ્થટેક્ષ એક્ટની જોગવાઈ મુજબ સને ૧૯૮૩ માં ફરીયાદ દાખલ કરેલી. ત્યારબાદ તેનો નવો નંબર ૨૦૦૫૦૦/૧૯૯૮ નો પડેલો. પ્રસ્તુત કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આરોપીને હાજરીમાંથી માફી આપવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશે કરેલ અને ત્યારબાદ સદરહું કેસ ફરીયાદ પક્ષના ચાર્જના પુરાવા પર રાખવામાં આવેલ. દરમિયાનમાં આરોપી કંપાઉન્ડીંગમાં ગયેલ હોવાથી કેસની કાર્યવાહી અટકી ગયેલી અને અદાલતના ધ્યાન પર લાવવામાં આવેલ છે કે કંપાઉન્ડીંગની અરજી ના–મંજુર થઈ ગયેલ છે. તા.૦૯/૦૩/૨૦૧૮ ના રોજ વિ.વ.શ્ર.આર.આર.ગઢવી હાજર થયેલ છે અને તે દિવસે સદર કેસ ચાર્જના પુરાવા પર હતો. પરંતુ, ફરીયાદ પક્ષે કોઈ ચાર્જનો પુરાવો રજુ થયેલ નહિં અને ન્યાયના હિતમાં મુદત આપવામાં આવેલ. ત્યારબાદ તા.૨૧/૦૩/૨૦૧૮ ના રોજ આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૫(૨) મુજબ બિન–તહોમત છોડી મુકવા અરજી આપેલી, જે અરજી અદાલતે ના–મંજુર કરેલી. ત્યારબાદ સદર કામ ફરીયાદ પક્ષના ચાર્જના પુરાવા પર રાખેલ. તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ ફરીયાદીએ પુરાવો રજુ કરવા મુદત અરજી આપતા મંજુર કરી છેલ્લી મુદત આપવામાં આવેલ અને સદરહું મુદતે આરોપી તરફે પણ ફરીયાદી પુરાવો રજુ કરતા ન હોઈ બિન–તહોમત છોડી મુકવા અરજી આપેલી. જે અરજી તા.૧૪/૦૬/૨૦૧૮ ના રોજ ના–મંજુર કરવામાં આવેલ. તા.૧૪/૦૬/૨૦૧૮ ના રોજ ફરીયાદી તરફે પણ પુરાવો રજુ કરવા અરજી આપેલી, જેમાં છેલ્લી મુદત તા.૨૧/૦૬/૨૦૧૮ ની આપવામાં આવેલી. તા.૨૧/૦૬/૨૦૧૮ ના રોજ પણ ફરીયાદ પક્ષે સાહેદને હાજર રાખેલા નહિં અને અરજી આપતા અરજી ના–મંજુર કરી ચાર્જના પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ. સદરહું હક્ક બંધ કર્યા બાદ પણ ફરીયાદ પક્ષને

તા.૨૬/૦૬/૨૦૧૮ તથા આજરોજની મુદત આપવામાં આવેલી. પરંતુ, આ બંન્ને મુદતે ફરીયાદ પક્ષ તરફે કોઈ હાજર રહેલ નહિં કે ચાર્જનો પુરાવાનો હક્ક ખોલવા કોઈ અરજી પણ આપેલ નહિં. નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ સુચન કરેલ છે કે જુના કેસો ત્વરિત ચલાવી પુરા કરવા અને તે મુજબ હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષનો ચાર્જનો પુરાવો રજુ કરવા પુરતો અને વ્યાજબી સમય આપેલ હોવા છતા પણ પુરાવો રજુ કરેલ ન હોઈ ચાર્જના પુરાવાનો હક્ક બંધ કરેલ છે. આમ, ફરીયાદ પક્ષે ચાર્જનો કોઈ પુરાવો રજુ કરેલ ન હોય તે કારણસર આરોપીને ચાર્જના પુરાવાના અભાવે બિન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**ઉપર મુજબ હુકમ છે.**

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૯/૦૬/૨૦૧૮
અમદાવાદ.

(કિર્તી જયંતીલાલ દરજી)
**(જજ કોડ નંબર જીજે૦૦૪૬૧)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ